ગાંધીનગર મુક્તિધામ ખાતે ગઈકાલે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ. અશ્વિનભાઈ પાઠકનાં કંઠે ગવાયેલ સુંદરકાંડનાં પાઠ માટે મોટી સંખ્યામાં શ્રોતાજનો રાત્રીનાં સમયે ઠંદી હોવા છતાં ઉપસ્થિત રહ્યા હતા. મૃતાત્માઓની શાંતિ માટે આ સુંદરકાંડ પાઠનું આયોજન ગાંધીનગર જુનિયર સીટીજન દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

જેલમાં બેઠા-બેઠા હાઈવે પર લૂંટ કરાવતો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

છ મહિલા પહેલા ધેધુ ચોકડી પાસે તેના માણસોએ ટ્રક અને કોપર રોલના જથ્થા સહિત ૧.૪૩ કરોડની મત્તા લુંટી હતી : એલ.સી.બી.એ પુછપરછ શરૂ કરી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા વિસ્તારમાં આવેલી ધેધુ ચોકડી પાસે હાઈવે પરથી પસાર થતી ટ્રકને ઉભી રખાવીને છ મહિના પહેલા ડ્રાઈવર કલીનરને બંદી બનાવી રૂ. ૧.૪૩ કરોડની મત્તાની ચકચારી લુંટ થવા પામી હતી. ગાંધીનગર એસ.પી.ની સુચનાથી એલ.સી.બી.ની ટીમે આ કેસની ઊંડી તપાસ કરતાં રાજસ્થાનની જેલમાં બેઠા-બેઠા એક કેદી મોનીટરીંગ કરીને પોતાના માણસો દ્વારા લુંટ કરાવી હોવાનું જાણવા મળ્યું હતું. એલ.સી.બી.ની ટીમે ચિતોડગઢની જેલમાંથી આ મુખ્ય સૂત્રધાર કેદીને ટ્રાન્સફર વોરંટથી લઈ આવી ધરપકડ કરીને સઘન પુછપરછ હાથ ધરી છે.

રાજસ્થાનના પાલી જિલ્લાના રાયપુર તાલુકા વિસ્તારમાં રહેતા સુખદેવ ગોરધન નટ ટ્રકનો ડ્રાઈવર તથા તેનો સાથી કલીનર ટ્રકમાં કોપર ભરીને ભરૂચથી ગોઝારીયા રોડ તરફ છ મહિના પહેલા જઈ રહ્યા હતા. ટ્રકમાં ૨૬,૯૮૧ મેટ્રીક ટન વજનના ૯ નંગ કોપર રોલ કિ. રૂ. (૧,૩૫,૪૮,૧૫૪) ભર્યા હતા. માણસા તાલુકાના ધેધુ ચોકડી પાસે હાઈવે પર ૧૦ થી ૧૨ જેટલા શખ્સોએ મળીને ટ્રક રોકીને ડ્રાઈવર-કલીનરને બાંધી દઈ ટ્રકમાં નાંખીને રાજસ્થાન લઈ ગયા હતા અને ત્યાં છોડી મુકીને માર માર્યા બાદ ટ્રક સાથે કોપરનો જથ્થો મળીને રૂ.

૧,૪૩,૧૨,૬૫૪ની કિંમતની મત્તાની લૂંટ ચલાવી ટોળકી ભાગી ગઈ હતી. આ ચકચારી હાઈવે રોબરીન ગુનો માણસા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ.ને આ ગુનાની ઊંડી તપાસ કરવા સુચના આપતા પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ આ ગુનાની તપાસ ચલાવી રહ્યા હતા. દરમ્યાન ઈન્ફોર્મેશન મળી કે આ ગુનાનું મોનીટરીંગ કરનાર મુખ્ય સુત્રધાર મુળ મેવાત, હરીયાણાનો રહેવાસી ખલીલ અહેમદ નજર મહમંદ મેવ હતો જે જેલમાં બેઠા બેઠા તેના માણસો મારફતે હાઈવે રોબરી કરાવતો હતો. રાજસ્થાનના ચિતોડગઢની જેલમાં કોપર ભરેલી ટ્રકની લુંટના ગુનામાં ગયેલો હોવાની માહિતી મળતા તેને ટ્રાન્સફર વોરંટથી એલ.સી.બી.ની ટીમના પીએસઆઈ વાય.જે. રાઠોડ, એએસઆઈ કરણસિંહ, અંબાલાલ, હે.કો. કિરણસિંહ, પો.કો. કેતનકુમાર, સંદિપકુમાર તથા ભવાનસિંહ સહિતના માણસો લઈ આવ્યા છે. ગાંધીનગર એલ.સી.બી. કચેરી લાવીને આ મુખ્ય સૂત્રધાર ખલીલ અહેમદની પુછતાછ કરતાં તેણે ગુનો રાજસમંદ જેલમાં બેઠા બેઠા કર્યો હોવાની કબુલાત કરી છે. તેણે બીજા ક્યાં ક્યાં ગુના કર્યા છે તેની તપાસ માટે સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગરના વિપુલ પટેલની હોકી ગુજરાતના એક્ઝીક્યુટીવ કમિટી મેમ્બર તરીકે નિયુક્તી

ગાંધીનગર, તા. ૧૧

હોકી ગાંધીનગરના પ્રમુખ વિપુલ રમેશભાઈ પટેલની ગુજરાત રાજ્ય ઓલિમ્પિક એસોસીએશન અને નેશનલ હોકી ફેડરેશન 'હોકી ઈન્ડીયા' સાથે સંલગ્ન ગુજરાત રાજ્ય હોકી એસોસીએશન 'હોકી ગુજરાત'ના એક્ઝીક્યુટીવ કમિટી મેમ્બર તરીકે નિમણુંક થયેલ છે. આથી ગાંધીનગરના રમતગમત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ખેલાડીઓ, કોચ અને રમપ્રેમીઓમાં ખુશાલી અને ઉત્સાહની લાગણીઓ ઉભરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિપુલ રમેશભાઈ પટેલ ગાંધીનગર નાગરીક બેન્કના ડીરેક્ટર પદે પણ કાર્યરત છે તેમજ ભૂતકાળમાં તેઓ બેન્કના મેનેજીંગ ડીરેક્ટર તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. તેઓ ભાજપના અગ્રણી હોવાની સાથે સાથે ગુજરાત રાજ્ય સ્વીમીંગ એસોસીએશનના ઉપપ્રમુખ, ગુજરાત રાજ્ય બિલ્ડર્સ એસોસીએશન-કેડાઈના બોર્ડ મેમ્બર, ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુટ ઓફ સીવીલ એન્જીનિયર્સના પૂર્વ બોર્ડ મેમ્બર તેમજ જિલ્લાના સ્વીમીંગ, હોકી અને કુસ્તી એસોસીએશનના પ્રમુખપદે, જિલ્લા ક્રિકેટ એસોસીએશનમાં બોર્ડ મેમ્બર તેમજ ચરોતર પાટીદાર સમાજના પ્રમુખ પદ જેવા વિવિધ પદો શોભાવી સમાજસેવામાં કાર્યરત છે.

ઠંડીમાં રક્ષણ આપતા ગરમ કપડાનું મફત વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૧

શહેરમાં આવેલી શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આજરોજ અરવલ્લી જિલ્લામાં આવેલ શામળાજી વિસ્તારની પ્રાથમિક શાળાના બાળકોને ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગજાનન સેવા સમિતિ દ્વારા અનેક સેવા કાર્યો કરવામાં આવે છે ત્યારે આજરોજ શામળાજી વિસ્તારના મુળિયા ટીંબા, સદ્દાલ, હરદાસપુર અને ગઢિયા ગામની શાળના બાળકોને ઠંડીથી રક્ષણ આપતા ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમજ કલ્પતરૂ વેલફેર ટ્રસ્ટ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ તમામ શાળાના વિદ્યાર્થીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૧૫ બાળકોનું આરોગ્ય તપાસવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રવિણ જૈન, દિનેશભાઈ, ખિમજીભાઈ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

રીક્ષા ડ્રાઈવર સીટ પાછળ ચાલકનો ફોટો અને નામ સરનામું તથા રજીસ્ટ્રેશન નંબર લખવા હુકમ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની હદમાં રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી લૂંટી લેવાના બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. આ બનાવોને નાથવા માટે જિલ્લાની તમામ રીક્ષાઓમાં ડ્રાઈવર સીટની પાછળ રીક્ષા ડ્રાઈવરનો ફોટો, તેમનું નામ, સરનામું અને રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર લખવાનો હુકમ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જાહેરનામું બહાર પાડીને કર્યો છે.

જાહેરનામામાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં રીક્ષામાં પેસેન્જરને લૂંટી લેવાના બનાવો બન્યા છે. જેમાં રીક્ષામાં રીક્ષા ડ્રાઈવર ઉપરાંત તેના સાગરીતો પણ પેસેન્જર તરીકે અગાઉથી બેઠેલા હોય છે. જે સાગરીતો પૈકી મહિલા સાગરીતો પણ હોય છે. તેમજ આવા બનાવોનો ભોગ બનનાર વ્યકિતની પૂછપચ્છ દરમ્યાન તેમને રીક્ષા ચાલકનો ચેહરો અને રીક્ષા નંબર યાદ હોતો નથી. જેથી આવા ગુન્હા શોધવામાં પોલીસને ઓછી સફળતા મળે છે.

આવા ગુનાઓના ભેદ ઉકેલમાં મદદ રૂપ થાય તે માટે ગાંધીનગર જિલ્લાની તમામ રીક્ષાઓમાં ડ્રાઈવર સીટની પાછળ રીક્ષા ડ્રાઈવરનો ફોટો, તેમનું સરનામું અને રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર લખેલો હોય તો, રીક્ષામાં પેસેન્જર તરીકે બેઠેલ વ્યકિતને કંઈક શંકાસ્પદ લાગતાં તે ઉપરોક્ત વિગતો વાંચી તેને યાદ રાખી શકે છે. તેમજ આજના આદ્યુનિક યુગમાં મોટા ભાગના નાગરિકો કેમેરાવાળા મોબાઈલનો ઉપયોગ કરે છે. જેથી કેમેરામાં ફોટો પણ પાડી શકે છે.

જેથી રીક્ષામાં બેઠેલા પેસેન્જર સાથે કોઈ અણબનાવ બને તો તે વ્યક્તિ દ્વારા પાડવામાં આવેલ ફોટા દ્વારા કે સચોટ વર્ણનના આદ્યારે આરોપીઓ સુદ્ધી સહેલાઈથી પહોંચી શકાય છે. જેથી જિલ્લા કલેકટરશ્રીએ તમામ રીક્ષાના ડ્રાઈવરોને ડ્રાઈવર સીટની પાછળના ભાગે પોતાનો ફોટો, નામ સરનામું અને રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર અવશ્ય લખવાનો હુકમ પોતાને મળેલ સત્તાની રૂએ કર્યો છે. આ હુકમ તા. ૦૭/૧૨/૨૦૧૩ થી ૦૪/૦૨/૨૦૧૪ સહિત ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર કલમ - ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

સંત સરોવર ખાતે કાર્ય કરતા શ્રમજીવીઓને વસ્ત્રદાન કરાયું

શહેર વસાહત મંડળ દ્વારા ૫૦૦ શ્રમજીવીઓને ગરમ વસ્ત્રો અર્પણ કર્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર અને આજુબાજુના ગામડા માટે આશીર્વાદરૂપ સંત સરોવરનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલુ છે. ઈન્દ્રોડા ખાતે ચાલતાં નિર્માણ કાર્યમાં ઘણા બધા શ્રમજીવીઓ કાર્ય કરી રહ્યા છે ત્યારે આવા શ્રમજીવીઓને ઠંડીમાં રક્ષણ મળી રહે તેથી ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું છે.

સરિતાઉદ્યાનની પાછળ અને ઈન્દ્રોડામાંથી પસાર થતી સાબરમતી નદી ઉપર સંત સરોવરનું નિર્માણ પૂરજોશમાં ચાલુ છે. જ્યા અનેક શ્રમજીવીઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે અહિંયા પેટીયુ રળવા આવે છે ત્યારે આવા શ્રમજીવીઓ રોટી, કપડાં અને મકાનની સમસ્યાથી પીડાતા હોય છે ત્યારે તેમની કપડાંની સમસ્યાનું નિરાકરણ શહેર વસાહત મંડળ દ્વારા લાવવાની કોશિષ કરવામાં આવી છે.

સંત સરોવર રીચાર્જ યોજના ૧૬૫.૭૨ કરોડના ખર્ચે આકાર લઈ રહી છે. અને આ યોજના દ્વારા આવનારા દિવસોમાં ગાંધીનગર શહેર અને આજુબાજુના ગામડાની પાણીની સમસ્યા હલ કરી શકાશે. આજે અહિ કામ કરતા શ્રમજીવીઓની મુલાકાત શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બૂચ અને તેમના સભ્યોએ લીધી હતી અને કાર્યકરતા શ્રમજીવીઓને વસ્ત્રદાન કરી ધન્યતા અનુભવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

આપણાં નગરજનોનો મિજાજ પણ અલગ અલગ છે. સરકારી અધિકારીઓ વચ્ચે ક્યાંય સમાજ સેવીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ, પ્રાણી પ્રેમીઓ પણ વસે છે. સેકટર-૨૪ ખાતે રહેતા સ્નેહલભાઈ ડાભી અને તેમના પત્ની લોપા ડાભી આવાજ પ્રાણી પ્રેમી છે. તેમના ઘરમાં નાની-મોટી માછલીઓ તો છે જ પરંતુ તેમના એકમિત્ર તરફથી બે કાચબાની ભેટ મળી છે. સિંગાપોરથી આવેલા બે કાચબા પૈકી ૨ આઠ વર્ષ અને બીજો ૩ વર્ષની આયુ ધરાવે છે. આ ડાભી દંપતી હોંશે હોંશે આ બંને કાચબાઓનું લાલન પાલન કરી રહ્યા છે. આજે માનવ માનવ વચ્ચે અંતર ઘટતું જાય છે ત્યારે પ્રાણીઓ અને મૂંગાજીવને સાચવવાની અને પરિવારમાં સાથે રાખવાની વાત જરા અચરજ પમાડે તેવી છે.

પાટનગર ગાંધીનગરમાં રોજે રોજ ચોરી, લૂંટફાટનાં બનાવો વધી રહ્યાં છે. પોલીસતંત્ર અને જિલ્લા પોલીસવડાએ આ બાબતને ગંભીરતાથી લઈ ૧૦૦ જેટલા પોલીસભાઈ બહેનોની ટીમ તૈયાર કરી છે. જે સેકટરો દીઠ બંધ મકાનોને તહેદારી રાખશે તેમજ ઘરમાં કામ કરતાં નોકર-ચાકરોની પૂરેપૂરી માહિતી મેળવશે. શનિવારથી શરૂ થયેલી આ કામગીરી હાલ સેકટર-૧થી ૧૫ સુધી આ શનિવારે પૂર્ણ થશે. સેકટર દીઠ પાંચ-પાંચ પોલીસકર્મીઓની ટીમ સજાગતા પૂર્વક કાર્ય કરી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૬.૧૦

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૪૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ હંગર ગેમ: કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦
કલબ-૬૦ : ૧૨.૪૦
હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. : ૬.૪૦

: સ્ક્રીન-૨ :
આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫

: સ્ક્રીન-૩ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦

: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦
રામલીલા : ૧.૪૦, ૭.૪૦
બુલેટ રાજા : ૪.૪૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
રામલીલા : ૪.૦૦

સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ઉત્સાહમાં વૃદ્ધિ થશે. સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. દેશ-વિદેશમાં સંપર્ક વધશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

મિથુન : ગુસ્સા અનેઆવેશ પર સંયમ રાખવો. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : સામાજિક ક્ષેત્રોથી લાભ થવાની શકયતા છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્દભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

તુલા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી રહેશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. કંચનબેન ભનુભાઈ વેકરીયા (ઉ.વ. ૬૫) બ્લોક નં. ૧૨૮/૨, ચ-ટાઈપ, સેકટર-૨૦, ગાંધીનગર.
- સ્વ. બબુબેન રસીકલાલ વાળંદ (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૯૬૪/૧, સેકટર-૩/ડી, ગાંધીનગર.